કૂકડેકૂક કલગી લાલ





કૂકડેકૂક કલગી લાલ

રશિયન લોકકથા

રૂપાંતરકાર — અલેક્સેઈ તોલ્સ્તોય

સોવિયેત સંઘમાં મુદ્રિત

અનુવાદક — અતુલ સવાણી

ચિત્રકાર — યેવ્ગેની રાચેવ



એક હતો બિલાડો, એક હતો કાલો ચકલો, અને એક હતો કૂકડો. કૂકડાને લાલ મજાની કલગી હતી. ત્રણેય ભેગા મળીને વનમાં એક નાનકડા ઘરમાં રહેતા. રોજ સવારે બિલાડો અને ચકલો લાકડાં ફાડવા ગાઢ વનમાં જાય અને કૂકડો ઘરમાં એકલો રહી જાય.

નીકળતાં પહેલાં બિલાડો અને ચકલો કૂકડાને ચેતવણી આપે:

"અમે બહુ દૂર જઈશું. તું ઘર સંભાળજે. શોર કરતો નહિ અને લોંકડી આવે તો બારીમાંથી બહાર ડોકાતો નહિ."


બિલાડો અને ચકલો ચાલ્યા ગયા. લોંકડીને ખબર પડી કે તરત જ તે ઉતાવળી ઉતાવળી નાનકડા ઘર પાસે પહોંચી ગઈ અને બારીની નીચે બેસીને ગાવા લાગી:

કૂકડા રે કૂકડા!
તારી કલગી શોભે લાલ,
તારું ચળકે શીશ કમાલ,
દાઢી રેશમનો રૂમાલ,
જો ને જરા બારીની બહાર,
આપું તને મટર મજેદાર!

કૂકડાએ ડોકું બારીમાંથી બહાર કાઢ્યું. તરત જ લોંકડીએ તરાપ મારીને તેને પકડી લીધો. પછી તેને ઉપાડીને લોંકડી પોતાની બખોલ તરફ જવા લાગી.

કૂકડો ચીસો પાડવા લાગ્યો:

લોંકડી મને ઉઠાવી જાય
અંધારાં વનોની પાર,
ઊંડી નદીઓની પાર,



ઊંચા પહાડોની પાર,
ચકલા અને બિડાલ,
આવો મને છોડાવો!

કૂકડાની ચીસો સાંભળીને બિલાડો અને ચકલો લોંકડીની પાછળ દોડયા અને બન્નેએ કૂકડાને તેના પંજામાંથી છોડાવી લીધો.

બિલાડો અને ચકલો ફરી વાર લાકડાં ફાડવા ગયા ત્યારે તેમણે ફરી વાર કૂકડાને ચેતવતાં કહ્યું:

"કૂકડાભાઈ, બારીમાંથી બહાર ડોકાતો નહિ. આજે અમારે ખૂબ દૂર જવું પડશે અને તારી ચીસો કદાચ અમારે કાને નહિ પડે."

એ બન્ને રવાના થઈ ગયા એટલે લોંકડી ઝટ નાનકડા ઘર પાસે પહોંચી ગઈ અને ગાવા લાગી:

કૂકડા રે કૂકડા!
તારી કલગી શોભે લાલ,
તારું ચળકે શીશ કમાલ,
દાઢી રેશમનો રૂમાલ,
જો ને જરા બારીની બહાર,
આપું તને મટર મજેદાર!



કૂકડો ચુપચાપ બેઠો રહ્યો. એટલે લોંકડી વળી પાછી ગાવા લાગી:

બાળ બાળુડાં દોડતાં દોડતાં,
ઘઉંના દાણા ગયાં વેરતાં.
મરઘીઓ લહેરથી ચણતી જાય,
કૂકડાને નહિ એમ કહેતી જાય.

કૂકડો ડોકું બારીમાંથી બહાર કાઢીને બોલી ઊઠયો:

"કૂક, કૂક, કૂક! કેમ નહિ?"

લોંકડીએ તરાપ મારીને કૂકડાને પકડી લીધો. પછી તેને ઉપાડીને લોંકડી પોતાની બખોલ તરફ ચાલતી થઈ. કૂકડો ચીસો પાડવા લાગ્યો:

લોંકડી મને ઉઠાવી જાય
અંધારાં વનોની પાર,
ઊંડી નદીઓની પાર,
ઊંચા પહાડોની પાર,
ચક્લા અને બિડાલ,
આવો મને છોડાવો!



કૂકડાની ચીસો સાંભળીને બિલાડો અને ચકલો એકદમ આવી પહોંચ્યા. તેમણે લોંકડીનો પીછો કર્યો. બિલાડો દોડયો અને ચકલો ઊડયો. બન્ને લોંકડીને આંબી ગયા એટલે બિલાડાએ તેને નહોર મારી મારીને અને ચકલાએ તેને ચાંચ ભોંકી ભોંકીને કૂકડાને છોડાવ્યો.

બિલાડો અને ચકલો વળી પાછા લાકડાં ફાડવા માટે ગાઢ વનમાં જવા તૈયાર થયા. નીકળતાં પહેલાં તેમણે કૂકડાને સખત ચેતવણી આપી:

"લોંકડીની વાતથી ભોળવાતો નહિ અને બારીમાંથી બહાર ડોકાતો નહિ. આજે અમારે ઘણું વધારે દૂર જવું પડશે અને તારી ચીસો અમને નહિ સંભળાય."

બિલાડો અને ચકલો તો એમ કહીને લાકડાં ફાડવા ગાઢ વનમાં ચાલ્યા ગયા. લોંકડી પાછી ઘર પાસે પહોંચી ગઈ અને બારીની નીચે બેસીને ગાવા લાગી:

કૂકડા રે કૂકડા!
તારી કલગી શોભે લાલ,
તારું ચળકે શીશ કમાલ,
દાઢી રેશમનો રૂમાલ,
જો ને જરા બારીની બહાર,
આપું તને મટર મજેદાર!



કૂકડો છાનોમાનો બેઠો રહ્યો. એટલે લોંકડી વળી ગાવા લાગી:

બાળ બાળુડાં દોડતાં દોડતાં,
ઘઉંના દાણા ગયાં વેરતાં.
મરઘીઓ લહેરથી ચણતી જાય,
કૂકડાને નહિ એમ કહેતી જાય.

કૂકડો તો ચુપ જ બેઠો રહ્યો. એટલે લોંકડી પાછી ગાવા લાગી:

લોકો અનેક રસ્તે ગુજરતા
મેવો મઝાનો ગયા વેરતા.
મરઘીઓ લહેરથી ચણતી જાય,
કૂકડાને નહિ એમ કહેતી જાય.

કૂકડો ડોકું બારીમાંથી બહાર કાઢીને બોલી ઊઠયો:

"કૂક, કૂક, કૂક! કેમ નહિ?"

લોંકડીએ તરાપ મારીને કૂકડાને પકડી લીધો. પછી લોંકડી તેને ઉપાડીને અંધારાં વનોને પાર કરતી, ઊંડી નદીઓને પાર કરતી, અને ઊંચા પહાડોને પાર કરતી પોતાની બખોલમાં લઈ ગઈ.



કૂકડાએ બને એટલા જોરથી ચીસો પાડી પણ બિલાડા અને ચકલાના કાન સુધી એ ચીસો પહોંચી નહિ. બન્ને ઘેર પહોંચીને જુએ છે તો કૂકડો ન મળે.


બિલાડો અને ચકલો લોંકડીનું પગેરું કાઢતા કાઢતા કૂકડાને ગોતવા ચાલ્યા. બિલાડો દોડયો અને ચકલો ઊડયો. આખરે તેઓ લોંકડીની બખોલ પાસે પહોંચી ગયા. બિલાડાએ વાજાના તાર ઝણઝણાવ્યા અને ગાવાનું શરૂ કરી દીધું:

ઝણણણ બોલે વાજું...
રણકે સોનેરી તાર...
લોંકડી બહેની વનમાં રમે
કે હૂંફાળા ઘરમાં નીંદર કરે?

લોંકડી સાંભળતી ગઈ, સાંભળતી ગઈ, અને તેને થયું:

"આટલું સરસ કોણ બજાવતું હશે? આવા મીઠા કંઠે કોણ ગાતું હશે? જઈને જરા જોઉં તો ખરી!"

લોંકડી બખોલમાંથી જેવી બહાર નીકળી કે બિલાડો અને ચકલો એકદમ તેની ઉપર તૂટી પડયા. બન્નેએ લોંકડીને એવો મેથીપાક આપ્યો કે લોંકડી જાન બચાવવા બે પગ વચ્ચે પૂંછડી દબાવીને નાઠી.



બિલાડા અને ચકલાએ કૂકડાને ઊંચકી લઈને ટોપલીમાં બેસાડયો અને બન્ને તેને ઘેર લઈ ગયા.

પછી ત્રણેય વનમાં પોતાના નાનકડા ઘરમાં સુખચેનથી રહેવા લાગ્યા.



«ПЕТУШОК — ЗОЛОТОЙ ГРЕБЕШОК»
РУССКАЯ НАРОДНАЯ СКАЗКА
На языке гуджарати

પુનરાવૃત્તિ

પ્રગતિ પ્રકાશન
મોસ્કો

П $\frac{70802\text{-}418}{014(01)\text{-}80}$ 754-80 4803000000